Extra No. 255

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૬મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૧૭/પીટીડી/એમએસએમ/ઈ-ફાઇલ/૨૨/૨૦૨૫/૦૪૮૬/ખ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ
જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે,૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૧૭/પીટીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૮૬/ખઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક: ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)ના પેટા-ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડ (ક)થી (ઘ)ની જોગવાઈઓને લક્ષમાં લઈને, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધની તારીખથી અમલમાં આવે તે રીતે, નીચેની બોલીઓ અને શરતોને અધીન, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨) અને (૩)માં નિર્દિષ્ટ કરેલા, મહેસાણા મહાનગરપાલિકાના વિસ્તારોમાં ચલાવાતા મહેસાણા મહાનગરપાલિકા, મહેસાણા દ્વારા સંચાલિત સ્ટેજ કેરેજો માટે ભાડાં અને નૂરના દરો નક્કી કરવાના સંબંધમાં, રાજય વાહનવ્યવહાર સત્તામંડળને અને સંબંધિત પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને આદેશો આપે છે:-

૧. આ સાથે જોડેલી અનુસૂચિના અનુક્રમે કોલમ (૧) અને (૨)-માં નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટ પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે તત્સમયે અમલમાં હોય તેવા ગુજરાત મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર ઉતારુવેરાની રકમ, હોય તો, તે સહિતના ભાડાં અને નૂર, સદરહુ અનુસૂચિના અનુક્રમે કોલમ (૩)માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તેવા વધુમાં વધુ ભાડા અને નૂરના દરને અધીન રહેશે:

૨. વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીના કિસ્સામાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેના ભાડાં, એવી રીતે સરભર કરવામાં આવશે કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય:

૩. સ્ટેજ કેરેજ ઓપરેટર, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો પ્રમાણેની સ્ટેજ કેરેજ પરમિટની બોલીઓ અને શરતોને બંધનકર્તા રહેશે. આવા કોઈ ભંગના કિસ્સામાં, મંજૂર કરેલી સ્ટેજ કેરેજ પરમિટ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮-ની કલમ ૮૬ હેઠળ મોકૂફ અથવા રદ થવાને પાત્ર થશે.

અનુક્રમાંક	વિસ્તાર	રૂટ	ભાડાના વધુમાં વધુ (ઉતારુવેરા સહિત)ના દર અને નૂર		
(૧)	(૨)	(૩)	(૪)		
૧	જ્યાં સ્ટેજ કેરેજ (શહેરી ઉતારુ બસ સેવા) ચલાવાતા હોય તેવા વધુમાં વધુ ૧૫ (પંદર) કિલોમીટરની હદ સુધીના મંજૂર કરાયેલા રૂટ ધરાવતા મહેસાણા મહાનગરપાલિકાના વિસ્તારો.	ગુજરાત મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ની જોગવાઈ હેઠળ મંજૂર કરાયેલા મહેસાણા મહાનગરપાલિકાની લગોલગના વિસ્તારોમાં સેવા પૂરી પાડતા હોય તેવા તમામ રૂટો.	અંતર (કિ.મી.માં)	ભાડું (રૂ. માં)	નૂર (રૂ. માં)
			૦-૦૨	૦૭.૦૦	૦૭.૦૦
			૦૨-૦૪	૦૯.૦૦	૦૯.૦૦
			૦૪-૦૬	૧૧.૦૦	૦૯.૦૦
			૦૬-૦૮	૧૩.૦૦	૧૧.૦૦
			૦૮-૧૦	૧૫.૦૦	૧૧.૦૦
			૧૦-૧૨	૧૭.૦૦	૧૧.૦૦
			૧૨-૧૪	૧૯.૦૦	૧૧.૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:10:23 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar